श्रीमद् भागवत का यह सार
भगवद् भक्ति ही आधार

# શ્રી મદ્ભાગવત રસિક કુટુંબ

## શ્રીમદ્ભાગવત રામાયણ સ્તોત્ર ૯.૧૦



धरा हुई धन्य,व्याप्त हुआ आह्लाद
नारायण अवतारों पर,ब्रह्मा नारद संवाद

નારાયણં(ન્) નમસ્કૃત્ય, નરં(ઞ્) ચૈવ નરોત્તમમ્.
દેવીં(મ્) સરસ્વતીં(વ્ઁ) વ્યાસં(ન્), તતો જયમુદીરયેત્.

નામસઙ્કીર્તનં(ય્ઁ) યસ્ય, સર્વપાપપ્રણાશનમ્.
પ્રણામો દુ:ખશમનસ્, તં(ન્) નમામિ હરિં(મ્) પરમ્.

શ્રીમદ્ભાગવતમહાપુરાણમ્

નવમ:(સ્) સ્કન્ધ:

.. અથ દશમોડધ્યાયઃ - ૧૦ ..

શ્રીશુક ઉવાચ

ખટ્વાં(ઙ્)ગાદ્ દીર્ઘબાહુશ્ચ, રઘુસ્તસ્માત્ પૃથુશ્રવાઃ .
અજસ્તતો મહારાજસ્- તસ્માદ્ દશરથોડભવત્ .. ૧..

શ્રી શુકદેવજી એ કહ્યું કે ખટવાંગ ના પુત્ર દીર્ઘબાહુ અને દીર્ઘબાહુના પરમ યશસ્વી પુત્ર રઘુ થયા. રઘુ ના અજ અને અજના મહારાજ દશરથ થયા. ॥ ૧ ॥

તસ્યાપિ ભગવાનેષ, સાક્ષાદ્ બ્રહ્મમયો હરિઃ .
અં(મ્)શાં(મ્)શેન ચતુર્ધાગાત્, પુત્રત્વં(મ્) પ્રાર્થિતઃ(સ્) સુરૈઃ .
રામલક્ષ્મણભરત-શત્રુઘ્ના ઇતિ સં(ઞ્)જ્ઞયા .. ૨..

ચતુર્ + ધાગાત્

દેવતાઓની પ્રાર્થનાથી સાક્ષાત્ પર બ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી હરિ પોતાના અંશથી ચાર રૂપ ધારણ કરીને દશરથ રાજાના પુત્ર થયા.તેમના નામ હતા-શ્રીરામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન.॥૨ ॥

તસ્યાનુચરિતં(મ્) રાજન્ -નૃષિભિસ્તત્ત્વદર્શિભિઃ .

શ્રુતં(મ્) હિ વર્ણિતં(મ્) ભૂરિ, ત્વયા સીતાપતેર્મુહુઃ .. ૩..

નૃષિભિસ્ + તત્ત્વ + દર્શિભિઃ

પરીક્ષિત! સીતાપતિ ભગવાન શ્રીરામનું ચરિત્ર તો તત્વદર્શી ઋષિઓએ વિસ્તારથી વર્ણવ્યું છે અને તમે ઘણીવાર તેને સાંભળ્યું પણ છે. ॥ ૩ ॥

ગુર્વર્થે ત્યક્તરાજ્યો વ્યચરદનુવનં(મ્) પદ્મપદ્‌ભ્યાં(મ્) પ્રિયાયાઃ(ફ્)

પાણિસ્પર્શાક્ષમાભ્યાં(મ્) મૃજિતપથરુજો યો હરીન્દ્રાનુજાભ્યામ્ .

વૈરૂપ્યાચ્છૂર્પણખ્યાઃ(ફ્) પ્રિયવિરહરુષા-ऽऽરોપિતભ્રૂવિજૃમ્ભ-

ત્રસ્તાબ્ધિર્બદ્ધસેતુઃ(ખ્) ખલદવદહનઃ(ખ્) કોસલેન્દ્રોऽવતાન્નઃ .. ૪..

પદ્મ + પદ્‌ભ્યાં(મ્),પાણિ + સ્પર્શા + ક્ષમાભ્યાં(મ્), વૈરૂપ્યાચ્ + છૂર્પણખ્યાઃ(ફ્)

રોપિતભ્રૂ + વિજૃમ્ભ ,ત્રસ્તાબ્ધિર્ + બદ્ધ સેતુઃ(ખ્)

ભગવાન શ્રીરામે પોતાના પિતા રાજા શ્રીદશરથના સત્યની રક્ષા માટે રાજપાટ છોડી દીધું અને વન વન ફરતા રહ્યા. તેમના ચરણકમળો એટલા કોમળ હતા કે પરમ સુકુમારી જાનકીનાથના કરકમળનો સ્પર્શ પણ તેમના થી સહન થતો ન હતો. તે જ ચરણ જ્યારે વનમાં ચાલતા ચાલતા થાકી જતાં ત્યારે હનુમાન અને લક્ષ્મણ તેમની ચરણ સેવાથી તેમનો શ્રમ દુર કરતા હતા. શૂર્પણખાને નાક-કાન કાપીને વિરુપ કરી દેવાને કારણે તેમને પોતાની પ્રિયતામાં જાનકીજીનો વિયોગ પણ સહન કરવો પડ્યો. આ વિયોગને કારણે ઉત્પન્ન થયેલા ક્રોધ થી ચઢી ગયેલી ભ્રુકુટીના વિલાસથી સમુદ્રને ધ્રુજાવી દેનારા શ્રીરામે સમુદ્રની પ્રાર્થનાથી સમુદ્ર ઉપર સેતુ બાંધીને લંકામાં જઈ દુષ્ટ રાક્ષસોના વનને દાવાગ્નિ ની જેમ ભસ્મ કરી દીધું. તે કોસલનરેશ અમારી રક્ષા કરો. ॥ ૪ ॥

વિશ્વામિત્રાધ્વરે યેન, મારીચાદ્યા નિશાચરાઃ .

પશ્યતો લક્ષ્મણસ્યૈવ, હતા નૈર્ઋતપું(ઙ્)ગવાઃ .. ૫..

નૈર્ + ઋત + પું(ઙ્)ગવાઃ

ભગવાન શ્રીરામે વિશ્વામિત્ર ના યજ્ઞમાં લક્ષ્મણ ની સામે જ મારીચ વગેરે રાક્ષસોને મારી નાખ્યા હતા. તેમની ગણતરી બહુ મોટા રાક્ષસોમાં થતી હતી. ॥ ૫ ॥

યો લોકવીરસમિતૌ ધનુરૈશમુગ્રં(મ્)

સીતાસ્વયં(વઁ)વરગૃહે ત્રિશતોપનીતમ્ .

આદાય બાલગજલીલ ઇવેક્ષુયષ્ટિં(મ્)

સજ્જીકૃતં(ન્) નૃપ વિકૃષ્ય બભઞ્જ મધ્યે .. ૬..

લોકવી + રસમિતૌ, ત્રિશતો + પનીતમ્ ,ઇવેક્ષુ + યષ્ટિ(મ્)

પરીક્ષિત! જનકપુરમાં સીતાજીનો સ્વયંવર થઈ રહ્યો હતો સંસારના વીર પુરુષોની સભામાં ભગવાન શંકરનું તે ભયંકર ધનુષ્ય મૂકેલું હતું. તે એટલું ભારે હતું કે એક સાથે ત્રણસો પુરુષો બહુ જ પરિશ્રમથી તેને સભામાં લાવી શકયા હતા. ભગવાન શ્રીરામે તે ધનુષ્યને સહજમાં જ ઉઠાવીને તેની પ્રત્યંચા ચઢાવી દીધી. અને ખેંચીને બાલ ગજરાજની જેમ મધ્યભાગમાંથી તેના બે ટુકડા કરી નાખ્યા. ॥ ૬ ॥

**જિ*ત્વાનુરૂપગુણશીલવયોઽઙ્ગરૂપાં(મ્),**

**સીતાભિધાં(મ્) શ્રિયમુ*રસ્યભિલ*બ્ધમાનામ્ .**

**માર્ગે વ્રજન્ ભૃગુપતેર્વ્યનયત્ પ્રરૂઢં(ન્)**

**દર્પં(મ્) મહીમકૃત યસ્ત્રિરરાજબીજામ્ .. ૭..**

જિત્વા + નુરૂ + પગુણશી + લવયોઽઙ્ગરૂપાં(મ્), શ્રિયમુરસ્ + યભિલબ્ધ + માનામ્ .

ભૃગુપતેર્ + વ્યનયત્ ,યસ્ + ત્રિરરા + જબીજામ્

ભગવાને પોતાના વક્ષઃસ્થળ પર સ્થાન આપીને જેનું સન્માન કર્યું છે તે લક્ષ્મીજી સ્વયં સીતાના નામથી જનકપુરમાં અવતર્યા હતાં. તેઓ ગુણ, શીલ, અવસ્થા, સપ્રમાણ શરીર અને સૌન્દર્યમાં બધી રીતે ભગવાન શ્રીરામ ને અનુરૂપ હતાં. ભગવાને ધનુષ્ય તોડીને તેમને પ્રાપ્ત કરી લીધાં. અયોધ્યા પાછા વળતા રસ્તામાં તે પરશુરામજી સાથે ભેટો થયો જેમણે એકવીસવાર પૃથ્વીને ક્ષત્રિયબીજથી રહીત કરી દીધી હતી. ભગવાને પરશુરામજીના અપાર ગર્વને નષ્ટ કરી નાખ્યો. ॥૭॥

**યઃ(સ્) સ*ત્યપાશપરિવીતપિતુર્નિદેશં(મ્)**

**સ્ત્રૈણ*સ્ય ચાપિ શિરસા જગૃહે સભાર્યઃ .**

**રાજ્યં(મ્) શ્રિયં(મ્) પ્રણયિનઃ(સ્) સુહૃદો નિવાસં(ન્)**

**ત્યક્ત્વા યયૌ વનમસૂનિવ મુ*ક્તસં(ઙ્)ગઃ .. ૮..**

સત્યપા + શપરિવી + તપિતુર્ + નિદેશં(મ્), વનમસૂ + નિવ

ત્યાર પછી પિતાના વચનને સત્ય કરવા માટે તેમણે વનવાસનો સ્વીકાર કર્યો. જોકે મહારાજ દશરથે પોતાનાં પત્નીને આધીન થઈને જ તેને એવું વચન આપ્યું હતું. કેમકે તેઓ સત્યના બંધનમાં બંધાઈ ગયા હતા. શ્રીરામે પત્ની સહિત પિતાની આજ્ઞાને શિરોધાર્ય કરી પ્રસન્નતાપૂર્વક પોતાનું રાજય, લક્ષ્મી, પ્રિયજનો, સુહૃદો, અને રાજભવનને ત્યજીને અરણ્યની યાત્રા કરી, જેમ કોઈ જીવનમુક્ત યોગી પ્રાણોનો સહજ રીતે ત્યાગ કરી દે છે. ॥ ૮ ॥

**ર*ક્ષઃ(સ્)સ્વસુર્વ્યકૃત રૂપમશુ*દ્ધબુ*દ્ધેસ્-**

**ત*સ્યાઃ(ખ્) ખર*ત્રિશિરદૂષણમુ*ખ્યબ*ન્ધૂન્ .**

**જ*ઘ્ને ચતુર્દશસહ*સ્રમપારણીય-**

## કોદણ્ડપાણિરટમાન ઉવાસ કૃચ્છ્રમ્ .. ૯..

**રક્ષઃ(સ્) + સ્વસુર્ + વ્યકૃત, ખરત્રિશિરદ્દૂ + ષણમુખ્ય + બન્ધૂન્**

**ચતુર્દશ + સહસ્ર + મપારણીય, કોદણ્ડ + પાણિ + રટમાન**

વનમાં પહોંચીને ભગવાને રાક્ષસરાજ રાવણની બહેન શૂર્પણખાને વિરૂપ કરી દીધી. કારણકે તેની બુધ્ધિ ખૂબ જ કલુષિત કામવાસનાને લીધે અશુદ્ધ હતી. તેના પક્ષપાતી ખર, દૂષણ, ત્રિશિરા વગેરે મુખ્ય-મુખ્ય ભાઈઓ કે જે સંખ્યામાં ચૌદ હજાર હતા – હાથમાં મહાન ધનુષ્ય લઈને ભગવાન શ્રીરામે તેમનો સહજ રીતે નાશ કરી નાંખ્યો. તેમણે લીલાપૂર્વક અનેક પ્રકારના કષ્ટ સહન કરીને વનમાં આમ-તેમ પરિભ્રમણ કરતાં નિવાસ કર્યો હતો. ॥ ૯ ॥

**સીતાકથાશ્રવણદીપિતહૃચ્છયેન**

**સૃષ્ટં(વઁ) વિલોક્ય નૃપતે દશકન્ધરેણ .**

**જધ્નેઽદ્ભુતૈણવપુષાઽઽશ્રમતોઽપકૃષ્ટો**

**મારીચમાશુ વિશિખેન યથા કમુગ્રઃ .. ૧૦..**

**સીતાકથા + શ્રવણદી + પિતહૃચ્છયેન, જધ્નેઽદ્ + ભુતૈ + ણવપુષાઽઽ + શ્રમતોઽ + પકૃષ્ટો**

**મારી + ચમાશુ**

પરીક્ષિત! જ્યારે રાવણે સીતાજીના રૂપ, ગુણ, સૌન્દર્ય વગેરેની વાત સાંભળી ત્યારે તેનું હૃદય કામવાસનાથી આતુર થઈ ગયું. તેણે અદ્ભુત હરણના વેશમાં મારીચને તેમની પર્ણકુટિ પાસે મોકલ્યો. તે હરણ ધીરે-ધીરે ભગવાનને ત્યાંથી દૂર લઈ ગયો. છેવટે ભગવાને તેને પોતાના બાણથી ઉગ્રસ્વરૂપવાળા વીરભદ્રે દક્ષનો નાશ કર્યો હતો તેમ, સહજતાથી મારી નાખ્યો. ॥ ૧૦ ॥

**રક્ષોઽધમેન વૃકવદ્ વિપિનેઽસમક્ષં(વઁ),**

**વૈદેહરાજદુહિતર્યપયાપિતાયામ્ .**

**ભ્રાત્રા વને કૃપણવત્ પ્રિયયા વિયુક્તઃ(સ્)**

**સ્ત્રીસં(ઙ્)ગિનાં(ઙ્) ગતિમિતિ પ્રથયં(મ્)શ્ચચાર .. ૧૧..**

**વિપિનેઽ + સમક્ષં(વઁ), વૈદેહ + રાજદુહિતર્ યપયા + પિતાયામ્**

જયારે ભગવાન શ્રીરામ જંગલમાં દૂર નીકળી ગયા ત્યારે (લક્ષ્મણજીની ગેરહાજરીમાં) નીચ રાક્ષસ રાવણે વરુની માફક ત્યાં આવીને વિદેહકુમારી સુકુમારી શ્રીસીતાજીનું હરણ કરી લીધું. ત્યાર પછી તેઓ પોતાની પ્રાણપ્રિયા સીતાજીના વિરહમાં પોતાના ભાઈ લક્ષ્મણની સાથે રાંક મનુષ્યની જેમ વન-વગડે ભટકવા લાગ્યા. અને આ રીતે તેમણે જગતને એ બોધ આપ્યો કે, ' જે સ્ત્રીઓમાં આસક્તિ રાખે છે તેમની આવી દશા થાય છે.' ॥ ૧૧ ॥

**દગ્ધ્વાઽઽત્મકૃત્યહતકૃત્યમહન્ કબન્ધં(મ્)**

**સખ્યં(વઁ) વિધાય કપિભિર્દયિતાગતિં(ન્) તૈઃ .**

**બુદ્ધ્વાથ વાલિનિ હતે પ્લવગેન્દ્રસૈન્યૈર્-**

**વેલામગાત્ સ મનુજોડજભવાર્ચિતાઙ્ઘ્રિઃ .. ૧૨..**

**દગ્ધ્વાડડત્મ + કૃત્ય + હતકૃત્ય + મહન્ ,કપિભિર્ + દયિતાગતિ(ન્)**

**મનુજોડ + જભવાર્ + ચિતાઙ્ઘ્રિઃ**

**ત્યાર પછી ભગવાને ગીધરાજ જટાયુ નો અગ્નિસંસ્કાર કર્યો જેમણે પોતાના પ્રાણોની પરવા ન કરતાં સીતાજીને છોડાવવા માટે પરાક્રમી રાવણ સાથે યુદ્ધ કર્યું. આ પરોપકારરૂપી કાર્યથી તેમનાં બધાં કર્મબંધનો નષ્ટ થઈ ચૂક્યાં હતાં. પછી ભગવાને કબંધનો સંહાર કર્યો અને ત્યાર પછી સુગ્રીવ વગેરે કપીવરો સાથે મિત્રતા કરીને વાલીનો વધ કર્યો, ત્યાર પછી કપીવરો દ્વારા પોતાની પ્રાણપ્રિયા ની શોધ કરાવી. બ્રહ્માજી અને શંકર ભગવાન જેમના ચરણોની વંદના કરે છે તે ભગવાન શ્રીરામ મનુષ્યના જેવી લીલા કરતા વાનરોની સેનાઓ સાથે સમુદ્ર તટ પર પહોંચ્યા. ॥ ૧૨ ॥**

**ય*દ્રોષવિ*ભ્રમવિવૃત્તકટાક્ષપાત-**

**સં(મ્)ભ્રાન્તન*ક્રમકરો ભયગીર્ણઘોષઃ .**

**સિ*ન્ધુઃ(શ્) શિરસ્ય*ર્હણં(મ્) પરિગૃહ્ય રૂપી**

**પાદારવિ*ન્દમુપગ*મ્ય બભાષ એતત્ .. ૧૩..**

**યદ્રોષવિ + ભ્રમવિવૃત્ત + કટાક્ષપાત, સં(મ્)ભ્રાન્ + તનક્રમકરો**

**( સમુદ્ર માર્ગ આપે તે માટે ઉપવાસ અને પ્રાર્થના કરવા છતાં સમુદ્ર પર તેનો કોઈ પ્રભાવ ન પડ્યો, ત્યારે ) ભગવાને ક્રોધની લીલા કરતા રહીને પોતાની વક્ર ભ્રુકુટિથી સમુદ્ર તરફ જોયું. તે જ સમયે સમુદ્રના જળચર પ્રાણીઓ – મોટા મોટા મગર અને મચ્છો ખળભળી ઊઠ્યા. ભયભીત થઈ જવાને કારણે સમુદ્રની ગર્જના શાંત થઈ ગઈ. ત્યારે સમુદ્ર મનુષ્યના રૂપમાં પોતાના મસ્તક ઉપર અનેક ભેટ - ઉપહારો લઈને ભગવાનના શરણે આવ્યો અને આ પ્રમાણે વિનંતી કરવા લાગ્યો. ॥૧૩॥**

**ન* ત્વાં(વ્ઁ) વયં(ગ્) જડધિયો નુ વિદામ ભૂમન્**

**કૂ*ટસ્થમાદિપુરુષં(ગ્) જગતામધીશમ્ .**

**ય*ત્સત્ત્વતઃ(સ્) સુરગણા રજસઃ(ફ્) પ્રજેશા**

**મ*ન્યોશ્ચ ભૂતપતયઃ(સ્) સ ભવાન્ ગુણેશઃ .. ૧૪..**

**કૂટસ્થમા + દિપુરુષં(ગ્)**

**હે અનંત! અમે મૂર્ખ છીએ ; તેથી આપના વાસ્તવિક સ્વરૂપને જાણતા નથી. જાણીએ પણ કેવી રીતે? આપ સમસ્ત જગતના એકમાત્ર સ્વામી, આદિકારણ અને જગતનાં સઘળાં પરિવર્તનોમાં એકરસ રહેનારા છો. આપ સમસ્ત ગુણોના સ્વામી છો. તેથી જ્યારે આપ સત્વગુણનો સ્વીકાર કરો છો ત્યારે દેવતાઓની, રજોગુણનો સ્વીકાર કરો છો ત્યારે પ્રજાપતિઓની અને તમોગુણનો સ્વીકાર કરો છો ત્યારે આપના ક્રોધથી રુદ્રગણો ની ઉત્પત્તિ થાય છે. ॥૧૪॥**

**કામં(મ્) પ્રયાહિ જહિ વિશ્રવસોઽવમેહં(ન્)**

**ત્રૈલોક્યરાવણમવાપ્નુહિ વીર પત્નીમ્ .**

**બધ્નીહિ સેતુમિહ તે યશસો વિતત્યૈ**

**ગાયન્તિ દિગ્વિજયિનો યમુપેત્ય ભૂપાઃ .. ૧૫..**

**ત્રૈલોક્ય + રાવણમવાપ્ + નુહિ**

હે વીરશિરોમણી! આપ પોતાની ઈચ્છા પ્રમાણે મને ઓળંગી જાઓ અને ત્રણેય લોકને રડાવનાર વિશ્રવાના કુપુત્ર રાવણને મારીને પોતાનાં પત્નીને ફરીથી પ્રાપ્ત કરી લો. પરંતુ આપને મારી એક પ્રાર્થના છે. આપ અહીં મારા ઉપર એક સેતુ નિર્માણ કરો, જેથી આપના યશ નો વિસ્તાર થશે અને આગળ જતાં જ્યારે મોટા મોટા રાજાઓ દિગ્વિજય કરતા કરતા અહીં આવશે ત્યારે તેઓ આપના યશનું ગાન કરશે!' ॥ ૧૫ ॥

**બદ્ધ્વોદધૌ રઘુપતિર્વિવિધાદ્રિકૂટૈઃ(સ્)**

**સેતું(ઙ્) કપીન્દ્રકરકમ્પિતભૂરુહાઙ્ગૈઃ .**

**સુગ્રીવનીલહનુમત્પ્રમુખૈરનીકૈર્-**

**લઙ્કાં(વઁ)વિભીષણદૃશાઽઽવિશદગ્રદગ્ધામ્ .. ૧૬..**

**રઘુપતિર્ + વિવિધા + દ્રિકૂટૈઃ(સ્), કપીન્દ્ર + કરકમ્પિત + ભૂરુહાઙ્ગૈઃ**

**સુગ્રીવની + લહનુમત્ + પ્રમુખૈ + રનીકૈર્ ,લઙ્કાં(વઁ) + વિભીષણદૃશાઽઽ + વિશદગ્ર + દગ્ધામ્**

ભગવાન શ્રીરામે અનેક-અનેક પર્વતોના શિખરોથી સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો. જ્યારે મોટા-મોટા વાનરવીરો મોટા-મોટા પર્વતો ઉઠાવી ઉઠાવીને લાવતા હતા ત્યારે તેમના ઉપર રહેલાં વૃક્ષો અને મોટી મોટી શીલાઓ થર-થર ડોલતી હતી. ત્યાર પછી વિભીષણની સલાહથી ભગવાનની સુગ્રીવ,નીલ, હનુમાન વગેરે પ્રમુખ વીર-વાનરો સહિતની મોટી વાનરસેના સાથે લંકામાં પ્રવેશ કર્યો. લંકા તો શ્રીહનુમાનજી દ્વારા પહેલેથી જ બાળી નાખવામાં આવી હતી. ॥ ૧૬ ॥

**સા વાનરેન્દ્રબલરુદ્ધવિહારકોષ્ઠ-**

**શ્રીદ્વારગોપુરસદોવલભીવિટં(ઙ્)કા**

**નિર્ભજ્યમાનધિષણધ્વજહેમકુમ્ભ-**

**શૃં(ઙ્)ગાટકા ગજકુલૈર્હ્રદિનીવ ઘૂર્ણા .. ૧૭..**

**વાનરેન્દ્ર + બલરુદ્ધ + વિહાર + કોષ્ઠ ,શ્રીદ્વારગો + પુરસદો + વલભી + વિટં(ઙ્)કા**

**નિર્ભજ્યમા + નધિષણધ્ + વજહે + મકુમ્ભ ,ગજકુલૈર્ + હ્રદિનીવ**

તે સમયે વાનરસેનાએ લંકાના હરવા-ફરવાનાં અને ખેલ-કૂદનાં સ્થાનો, અનાજના ગોદામો, ખજાના, દરવાજા, ફાટક, સભાભવન,છજાં અને પક્ષીઓને રહેવાનાં સ્થાનો સહિત પૂરી લંકાને ઘેરી લીધી તેમણે ત્યાંની વેદી, ધજાઓ,સોનાના કળશ અને ચોતરા-ચબૂતરા તોડી ફોડી નાખ્યા. તે

સમયે લંકા એવી જણાતી હતી,જાણે હાથીઓના ટોળાઓએ સરોવરને ધમરોળી નાખ્યું હોય.॥૧૭ ॥

**રક્ષઃ(ફ઼્)પતિસ્તદવલોક્ય નિકુમ્ભકુમ્ભ-**

**ધૂમ્રાક્ષદુર્મુખસુરાન્તનરાન્તકાદીન્ .**

**પુત્રં(મ્) પ્રહસ્તમતિકાયવિકમ્પનાદીન્**

**સર્વાનુગાન્ સમહિનોદથ કુમ્ભકર્ણમ્ .. ૧૮..**

રક્ષઃ(ફ઼્)પતિસ્ + તદવલોક્ય , ધૂમ્રાક્ષદુર્ + મુખસુરાન્ + તનરાન્ + તકાદીન્

પ્રહસ્ત + મતિકાય + વિકમ્પ + નાદીન્

આ જોઈને રાક્ષસરાજ રાવણે નિકુંભ,કુંભ, ધૂમ્રાક્ષ, દૂર્મુખ, સુરાન્તક, નરાન્તક, પ્રહસ્ત, અતિકાય, વિકમ્પન વગેરે પોતાના અનુચરો, પુત્ર મેઘનાદ અને છેવટે ભાઈ કુંભકર્ણને પણ યુદ્ધ કરવા માટે મોકલ્યા. ॥ ૧૮ ॥

**તાં(યઁ) યાતુધાનપૃતનામસિશૂલચાપ-**

**પ્રાસર્ષ્ટિશક્તિશરતોમરખડ્ગદુર્ગામ્ .**

**સુગ્રીવલક્ષ્મણમરુત્સુતગન્ધમાદ-**

**નીલાં(ઙ્)ગદર્ક્ષપનસાદિભિરન્વિતોઽગાત્ .. ૧૯..**

યાતુધા + નપૃતના + મસિશૂલચાપ ,પ્રાસર્ષ્ટિ + શક્તિશરતો + મરખડ્ + ગદુર્ગામ્

સુગ્રીવ + લક્ષ્મણમરુત્ + સુતગન્ધમાદ ,નીલાં(ઙ્)ગદર્ + ક્ષપનસા + દિભિરન્ + વિતોઽગાત્

રાક્ષસોની તે વિશાળ સેના તલવારો ત્રિશૂળ, ધનુષ્ય, પ્રાસ, ઋષ્ટિ, શક્તિ, બાણ, ભાલા, ખડક વગેરે શાસ્ત્ર-અસ્ત્રોથી સુરક્ષિત અને અત્યંત દુર્ગમ (સમજી ન શકાય તેવી) હતી. ભગવાન શ્રીરામે સુગ્રીવ,લક્ષ્મણ, હનુમાન, ગન્ધ-માદન, નીલ, અંગદ, જાંબવાન અને પનસ વગેરે વીરોને પોતાની સાથે લઈને રાક્ષસોની સેનાનો સામનો કર્યો. ॥ ૧૯ ॥

**તેઽનીકપા રઘુપતેરભિપત્ય સર્વે**

**દ્વન્દ્વં(વઁ) વરૂથમિભપત્તિરથાશ્વયોધૈઃ .**

**જઘ્નુર્દ્રુમૈર્ગિરિગદેષુભિરં(ઙ્)ગદાદ્યાઃ(સ્)**

**સીતાભિમર્શહતમં(ઙ્)ગલરાવણેશાન્ .. ૨૦..**

વરૂ + થમિભપત્તિ + રથાશ્ + વયોધૈઃ, જઘ્નુર્ + દ્રુમૈર્ + ગિરિગદે + ષુભિરં(ઙ્)ગદાદ્યાઃ

સીતાભિમર્ + શહતમં(ઙ્)ગલરા + વણેશાન્

રઘુવંશ શિરોમણી ભગવાન શ્રીરામે અંગદ વગેરે બધા સેનાપતિઓ રાક્ષસોની ચતુરંગિણી સેના– હાથી, રથ, ઘોડેસવારો અને પાયદળ સાથે દ્વન્દ્વયુદ્ધ કરવા લાગ્યા અને રાક્ષસોને વૃક્ષ, પર્વતના

શિખરો, ગદા અને બાણોથી મારવા લાગ્યા. રાક્ષસનો સંહાર તો સ્વાભાવિક હતો. કારણ કે તેઓ તે જ રાવણના અનુચર હતા તેનું મંગલ(શ્રેય) શ્રીસીતાજીનો સ્પર્શ કરવાને લીધે પહેલેથી જ નષ્ટ થઈ ચૂક્યું હતું. ॥ ૨૦ ॥

***રક્ષઃ(ફ્)પતિઃ(સ્) સ્વબલન*ષ્ટિમવેક્ષ્ય *રુષ્ટ**

**આરુહ્ય યાનકમથાભિસસાર રામમ્ .**

**સ્વઃ(સ્)સ્ય*ન્દને ધ્રુમતિ માતલિનોપનીતે**

***વિભ્રાજમાનમહનન્નિશિતૈઃ ક્ષુ*રપ્રૈઃ .. ૨૧..**

**સ્વબલનષ્ + ટિમવેક્ષ્ય, યાનકમથા + ભિસસાર, માતલિનો + પનીતે**

**વિભ્રાજમા + નમહનન્ + નિશિતૈઃ**

જ્યારે રાક્ષસરાજ રાવણે જોયું કે મારી સેનાનો તો નાશ થઈ રહ્યો છે, ત્યારે તે ક્રોધે ભરાઈને પુષ્પક વિમાન પર આરૂઢ થઈને ભગવાન શ્રીરામની સામે આવ્યો. તે સમયે ઇન્દ્રનો સારથી માતલિ અત્યંત તેજસ્વી દિવ્ય રથ લઈને આવ્યો અને ભગવાન શ્રીરામ તેના પર બિરાજમાન થયા. રાવણ પોતાના તીક્ષ્ણ બાણોથી તેમના ઉપર પ્રહાર કરવા લાગ્યો. ॥ ૨૧ ॥

**રા*મસ્તમાહ પુરુષાદપુરીષ યન્નઃ(ખ્)**

**કાન્તાસ*મક્ષમસતાપહૃતા શ્વવત્ તે .**

**ત્ય*ક્ત*ત્રપ*સ્ય ફલમ*દ્ય જુગુ*પ્સિત*સ્ય**

***યચ્છામિ કાલ ઇવ કર્તુરલં(ઙ્)ઘ્યવીર્યઃ .. ૨૨..**

**કાન્તા + સમક્ષ + મસતા + પહૃતા, જુગુપ્ + સિતસ્ય**

ભગવાન શ્રીરામે રાવણને કહ્યું – 'નીચ રાક્ષસ! તું કૂતરાની જેમ અમારી ગેરહાજરીમાં મારા પ્રાણપ્રિયા પત્નીને હરી લાવ્યો. તે દુષ્ટતાની હદ ઓળંગી દીધી! તારા જેવો નીર્લજ્જ અને નીંદનીય બીજો કોણ હશે? જેમ કાળને કોઈ ટાળી શકતું નથી – કર્તાપણાના અભિમાની ને તે ફળ આપ્યા વિના રહી નથી શકતો, તે જ પ્રમાણે આજે હું તને તારા કરતૂતનું ફળ ચખાડુ છું.' ॥ ૨૨ ॥

**એવં(ઙ્) ક્ષિપન્ ધનુષિ સ*ન્ધિતમુ*ત્સસર્જ**

**બાણં(મ્) સ વ*જ્રમિવ ત*દ્ધૃદયં(મ્) બિભેદ .**

**સોઽસૃગ્ વમન્ દશમુખૈર્ન્યપતદ્ વિમાનાદ્-**

**ધાહેતિ જ*લ્પતિ જને સુકૃતીવ રિ*ક્તઃ .. ૨૩..**

**સન્ધિતમુત્ + સસર્જ, દશમુખૈર્ + ન્યપતદ્**

આ પ્રમાણે રાવણને ધિક્કારતાં ભગવાન શ્રીરામે પોતાના ધનુષ્ય પર ચડાવેલું બાણ તેના ઉપર છોડ્યું. તે બારણે વજ્રની જેમ તેના હૃદયને છિન્ન-ભિન્ન કરી નાખ્યું. તે પોતાનાં દશે મોંઢાંથી લોહી

ઓકતો વિમાનમાંથી પડી ગયો – બરાબર એ રીતે કે જેમ પુણ્યત્માઓ ભોગ સમાપ્ત થતાં સ્વર્ગમાંથી નીચે પડે છે એ સમયે તેના નગરજનો સ્વજનો 'હાય હાય' કરીને રડવા લાગ્યા. ॥ ૨૩ ॥

**તતો નિષ્ક્રમ્ય લં(ઙ્)કાયા, યાતુધાન્યઃ(સ્) સહસ્રશઃ .**

**મન્દોદર્યા સમં(ન્) તસ્મિન્, પ્રરુદત્ય ઉપાદ્રવન્ .. ૨૪..**

ત્યારબાદ હજારો રાક્ષસીઓ મંદોદરીની સાથે રડતી રડતી લંકામાંથી નીકળીને રણભૂમિમાં આવી. ॥ ૨૪ ॥

**સ્વાન્ સ્વાન્ બન્ધૂન્ પરિષ્વજ્ય, લક્ષ્મણેષુભિરર્દિતાન્ .**

**રુરુદુઃ(સ્) સુસ્વરં(ન્) દીના, ધ્નન્ત્ય આત્માનમાત્મના .. ૨૫..**

**લક્ષ્મણે + ષુભિરર્ + દિતાન્**

તેમણે જોયું કે તેમના સ્વજન-સંબંધીઓ લક્ષ્મણજીનાં બાણોથી છિન્ન ભિન્ન થઈને પડ્યાં છે. તેઓ હાથેથી છાતી કૂટતી-કૂટતી પોતાના સગાં-સંબંધીઓને હૃદય લગાડીને ઊંચા સ્વરે વિલાપ કરી રહી હતી. ॥ ૨૫ ॥

**હા હતાઃ(સ્) સ્મ વયં(ન્) નાથ, લોકરાવણ રાવણ .**

**કં(યઁ) યાયાચ્છરણં(વઁ) લં(ઙ્)કા, ત્વદ્વિહીના પરાર્દિતા .. ૨૬..**

**યાયાચ્ + છરણં(વઁ), ત્વદ્ + વિહીના**

હાય-હાય સ્વામી! આજે અમે બધાં વિના મોતે મરાઈ ગયાં. એક દિવસ એવો હતો જ્યારે તમારા ભયથી સમસ્ત લોકમાં ત્રાસ ફેલાઈ જતો હતો. આજે એવો દિવસ આવી પહોંચ્યો કે તમારા ન રહેવાથી આપણા શત્રુઓ લંકાની દુર્દશા કરી રહ્યા છે અને એવો પ્રશ્ન થઈ રહ્યો છે કે, હવે લંકા કોની અધિન રહેશે. ॥ ૨૬ ॥

**નૈવં(વઁ) વેદ મહાભાગ, ભવાન્ કામવશં(ઙ્) ગતઃ .**

**તેજોઽનુભાવં(મ્) સીતાયા, યેન નીતો દશામિમામ્ .. ૨૭..**

તમે બધી રીતે સંપન્ન હતા. કોઈ વાતની ઉણપ ન હતી. પરંતુ તમે કામને વશ થઈ ગયા અને એવું ન વિચારી શક્યા કે સીતાજી કેટલાં તેજસ્વી છે અને તેમનો પ્રભાવ કેવો છે. તમારી આ ભૂલ તમારી દુર્દશા નું કારણ બની. ॥ ૨૭ ॥

**કૃતૈષા વિધવા લં(ઙ્)કા, વયં(ઞ્) ચ કુલનન્દન .**

**દેહઃ(ખ્) કૃતોઽન્નં(ઙ્) ગૃધ્રાણા-માત્મા નરકહેતવે .. ૨૮..**

એક સમયે તમારા કાર્યોથી અમે બધાં અને સઘળો રાક્ષસવંશ આનંદિત થતો હતો અને આજે અમે બધાં અને આ બધી લંકાનગરી વિધવા બની ગઈ છે. તમારું તે શરીર જેના માટે તમે આ બધું કર્યું આજે તે ગીધોનું ભોજન બની ગયું છે અને પોતાના આત્માને તમે નરકનો અધિકારી બનાવી દીધો. આ બધું તમારી અણસમજ અને તમારી કામવાસનાનું ફળ છે.

॥ ૨૮ ॥

## શ્રીશુક ઉવાચ

**સ્વાનાં(વઁ) વિભીષણ*શ્ચ*ક્રે, કોસલેન્દ્રાનુમોદિતઃ .**

**પિતૃમેધવિધાનેન, યદુ*ક્તં(મ્) સામ્પરાયિકમ્ .. ૨૯..**

**વિભીષણશ્ + ચક્રે, કોસલેન્ + દ્રાનુમોદિતઃ**

**શ્રીશુકદેવજી કહે છે– પરીક્ષિત! કોસલાધીશ ભગવાન શ્રીરામચંદ્રજીની આજ્ઞાથી વિભીષણે પોતાના સ્વજન સંબંધીઓનું પિતૃયજ્ઞ-વિધિથી શાસ્ત્ર અનુસાર અંત્યેષ્ટિ-કર્મ કર્યું. ॥ ૨૯ ॥**

**તતો દદર્શ ભગવા- નશોકવનિકાશ્રમે .**

**ક્ષામાં(મ્) સ્વવિરહ*વ્યાધિં(મ્), શિં(મ્)શપામૂલમાસ્થિતામ્ .. ૩૦..**

**શિં(મ્)શપા + મૂલમાસ્ + થિતામ્**

**ત્યાર પછી ભગવાન શ્રીરામે અશોકવાટિકાના આશ્રમમાં અશોકવૃક્ષની નીચે બેઠેલા સીતાજીને જોયા. તેઓ શ્રીરામના વિરહના વ્યાધિથી દુઃખી અને અત્યંત દુર્બળ થઈ રહ્યા હતાં. ॥ ૩૦ ॥**

**રામઃ(ફ્) પ્રિયતમાં(મ્) ભાર્યાં(ન્), દીનાં(વઁ) વીક્ષ્યાન્વક*મ્પત .**

**આત્મસં(ન્) દર્શનાહ્લાદ- વિકસ*ન્મુખપં(ઙ્)કજામ્ .. ૩૧..**

**વીક્ષ્યાન્ + વકમ્પત, આત્મ + સં(ન્) દર્શનાહ્લાદ, વિકસન્ + મુખપં(ઙ્)કજામ્**

**પોતાનાં પ્રાણપ્રિય અર્ધાંગિની શ્રીસીતાજી ને અત્યંત રાંક દશામાં જોઈને શ્રીરામનું હૃદય પ્રેમ અને કરુણાથી ઉભરાઈ ગયું. આ બાજુ ભગવાનના દર્શન પ્રાપ્ત કરીને સીતાજીનું હૃદય પ્રેમ અને આનંદથી પરિપૂર્ણ થઈ ગયું. તેમનું મુખ કમળ ખીલી ઊઠ્યું. ॥ ૩૧ ॥**

**આરોપ્યારુરુહે યાનં(મ્) ભ્રાતૃ*ભ્યાં(મ્) હનુમ*દ્યુતઃ .**

**વિભીષણાય ભગવાન્, દત્ત્વા *રક્ષોગણેશતામ્ .. ૩૨..**

**લં(ઙ્)કામાયુ*શ્ચ *કલ્પાન્તં(યઁ), યયૌ ચીર્ણ*વ્રતઃ(ફ્) પુરીમ્ .**

**અવકીર્યમાણઃ(ખ્) કુસુમૈર્ - લોકપાલાર્પિતૈઃ(ફ્) પથિ .. ૩૩..**

**લોક + પાલાર્ + પિતૈઃ(ફ્)**

**ભગવાને વિભીષણને રાક્ષસોનું સ્વામિત્વ, લંકાપુરી નું રાજ્ય અને એક કલ્પનું આયુષ્ય આપ્યું. ત્યારબાદ પહેલાં સીતાજીની વિમાનમાં બેસાડીને ભાઈ લક્ષ્મણ અને સુગ્રીવ તથા સેવક હનુમાનજીની સાથે સ્વયં પણ વિમાનમાં બેઠા. આ પ્રમાણે ચૌદ વર્ષનું વ્રત પૂરું થઈ જવાથી તેમણે પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. તે સમયે રસ્તામાં બ્રહ્માજી વગેરે લોકપાલો તેમના પર ખૂબ જ આનંદપૂર્વક પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ॥ ૩૨-૩૩ ॥**

ઉપગીયમાનચરિતઃ(શ્), શતધૃ*ત્યાદિભિર્મુદા .

ગોમૂત્રયાવકં(મ્) શ્રુ*ત્વા, ભ્રાતરં(વ્ઁ) વ*લ્કલામ્બરમ્ .. ૩૪..

શતધૃત્યા + દિભિર્મુદા, વલ્કલામ્ + બરમ્

મહાકારુણિકોઽત*પ્યજ્ - જટિલં(મ્) સ્થ*ણ્ડિલેશયમ્ .

ભરતઃ(ફ્) પ્રાપ્તમાકર્ણ્ય, પૌરામાત્યપુરોહિતૈઃ .. ૩૫..

મહાકા + રુણિકોઽ + તપ્યજ્, પૌરામાત્ + યપુરોહિતૈઃ

પાદુકે શિરસિ* ન્ય*સ્ય, રામં(મ્) પ્ર*ત્યુ*દ્યતોઽગ્રજમ્ .

ન*ન્દિ*ગ્રામાત્ સ્વશિબિરાદ્, ગીતવાદિ*ત્રનિઃ(સ્)સ્વનૈઃ .. ૩૬..

પ્રત્યુદ્ + યતોઽ + ગ્રજમ્ ,ગીતવા + દિત્રનિઃ(સ્)સ્વનૈઃ

બ્રહ્મઘોષેણ ચ મુહુઃ(ફ્), પ*ઠદ્ભિર્બ્રહ્મવાદિભિઃ .

સ્વર્ણક*ક્ષપતાકાભિર્- હૈમૈશ્ચિ*ત્ર*ધ્વજૈ રથૈઃ .. ૩૭..

પઠદ્ભિર્ + બ્રહ્મવાદિભિઃ,સ્વર્ણકક્ષ + પતાકાભિર્ ,હૈમૈશ્ + ચિત્રધ્વજૈ

સદ*શ્વૈ રુ*ક્મસન્નાહૈર્ ભટૈઃ(ફ્) પુરટવર્મભિઃ .

શ્રેણીભિર્વારમુ*ખ્યાભિર્- ભૃ*ત્યૈશ્ચૈવ પદાનુગૈઃ .. ૩૮..

રુક્મસન્ + નાહૈર્ ,શ્રેણી + ભિર્વા + રમુખ્યાભિર્ ,ભૃત્યૈશ્ + ચૈવ

પારમેષ્ઠ્યાન્યુપાદાય, પ*ણ્યાન્યુચ્ચાવચાનિ ચ .

પાદયોર્ન્યપતત્ પ્રેમ્ણા, પ્ર*ક્લિન્નહૃદયેક્ષણઃ .. ૩૯..

પારમેષ્ઠ્યાન્ + યુપાદાય, પણ્યાન્ + યુચ્ચા + વચાનિ

પાદયોર્ + ન્યપતત્ ,પ્રક્લિન્ + નહૃદયેક્ષણઃ

આ બાજુ બ્રહ્મા વગેરે ખૂબ જ આનંદથી ભગવાનની લીલાઓનું ગાન કરી રહ્યા હતા અને ત્યાં જ્યારે ભગવાનને ખબર પડી કે ભરતજી માત્ર ગૌ મૂત્રમાં રાંધેલા જવની રાબ ખાય છે વલ્કલ પહેરે છે અને પૃથ્વી પર કુશ પાથરીને સુવે છે અને તેમણે પણ મસ્તક પર જટા વધારી છે, ત્યારે ખૂબ દુઃખી થયા. તેમની દશાનું સ્મરણ કરીને ભગવાનનું હૃદય ભરાઈ આવ્યું. જ્યારે ભરતજી ને ખબર પડી કે મારા મોટાભાઈ ભગવાન શ્રીરામ આવી રહ્યા છે ત્યારે તેઓ નગરજનો, મંત્રીઓ અને પુરોહિતોને સાથે લઈ અને ભગવાનની પાદુકાઓ મસ્તક પર મૂકીને તેમનું સામૈયું કરવા ચાલ્યા, જ્યારે ભરતજી પોતાના રહેવાના સ્થાન નંદીગ્રામથી નીકળ્યા ત્યારે લોકો તેમની સાથે સાથે મંગલગાન કરતા અને વાજિંત્રો વગાડતા ચાલવા લાગ્યા. વેદવાદી બ્રાહ્મણો વારંવાર વેદમંત્રોનું ઉચ્ચારણ કરવા લાગ્યા અને તેનો ધ્વનિ ચારે બાજુ ગુંજવા લાગ્યો સોનેરી કિનારીવાળી ધજા-પતાકાઓ, પચરંગી ધજાઓથી શણગારેલા રથ, સુવર્ણથી સજેલા ઉત્તમ ઘોડા તથા સુવર્ણના કવચ પહેરેલા સૈનિકો સાથે ચાલવા લાગ્યા. નગરનાં વેપારી મંડળો, શ્રેષ્ઠ વારાંગનાઓ, પાયદળ અને

મહારાજાઓને યોગ્ય નાની મોટી બધી સામગ્રી પણ તેમની સાથે હતી. ભગવાનને જોતાં જ પ્રેમથી પીગળેલા ભરતજીનું હૃદય ગદ્ ગદ થઇ ગયું. નેત્રોમાં અશ્રુ છલકાઈ ગયા, તેઓ ભગવાનના ચરણોમાં ઢળી પડ્યા. ॥ ૩૪-૩૯ ॥

પાદુકે ન્યસ્ય પુરતઃ(ફ્), પ્રાં(ગ્)જલિર્બાષ્પલોચનઃ .

તમાશ્લિષ્ય ચિરં(ન્) દોર્ભ્યાં(મ્), સ્નાપયન્ નેત્રજૈર્જલૈઃ .. ૪૦..

પ્રાં(ગ્)જલિર્ + બાષ્પ + લોચનઃ ,નેત્રજૈર્ + જલૈઃ

તેમણે પ્રભુની સામે તેમની પાદુકાઓ મૂકી દીધી અને હાથ જોડીને ઉભા રહ્યા. નેત્રોમાંથી અશ્રુની ધારા વહી રહી હતી. ભગવાને પોતાના બંને હાથથી પકડીને ઘણીવાર સુધી ભરતજીને હૃદય લગાડી રાખ્યા. ભગવાનનાં નેત્રજળથી ભરત ભીંજાઈ ગયા. ॥ ૪૦ ॥

રામો લક્ષ્મણસીતાભ્યાં(વ્ઁ), વિપ્રેભ્યો યેઽર્હસત્તમાઃ .

તેભ્યઃ(સ્) સ્વયં(ન્) નમશ્ચક્રે, પ્રજાભિશ્ચ નમસ્કૃતઃ .. ૪૧..

ત્યાર પછી સીતાજી અને લક્ષ્મણજી સાથે ભગવાન શ્રીરામને બ્રાહ્મણો અને પૂજનીય ગુરુજનો ને વંદન કર્યા તથા સઘળા પ્રજાજનોએ મસ્તક નમાવી પ્રેમ સાથે ભગવાનના ચરણોમાં પ્રણામ કર્યા. ॥ ૪૧ ॥

ધુન્વન્ત ઉત્તરાસં(ઙ્)ગાન્, પતિં(વ્ઁ) વીક્ષ્ય ચિરાગતમ્ .

ઉત્તરાઃ(ખ્) કોસલા માલ્યૈઃ(ખ્), કિરન્તો નનૃતુર્મુદા .. ૪૨..

તે સમયે ઉત્તરકોસલ દેશના રહેવાવાળા સમસ્ત પ્રજાજનો પોતાના સ્વામી ભગવાનને ઘણાં વર્ષો પછી આવેલા જોઇને પોતાના દુપટ્ટા હલાવી-હલાવીને પુષ્પોની વૃષ્ટિ કરતાં આનંદવિભોર થઈ નાચવા લાગ્યા. ॥ ૪૨ ॥

પાદુકે ભરતોઽગૃહ્ણાચ્ - ચામરવ્યજનોત્તમે .

વિભીષણઃ(સ્) સસુગ્રીવઃ(શ્), શ્વેતચ્છત્રં(મ્) મરુત્સુતઃ .. ૪૩..

ભરતોઽ + ગૃહ્ણાચ્ ,ચામરવ્ + યજનોત્તમે ,શ્વેતચ્ + છત્રં(મ્)

ભરતજીએ ભગવાનની પાદુકાઓ લીધી, વિભીષણે શ્રેષ્ઠ ચામર, સુગ્રીવે પંખો અને હનુમાનજીએ શ્વેત છત્ર લીધું હતું. ॥ ૪૩ ॥

ધનુર્નિષં(ઙ્)ગાં(ગ્)છત્રુઘ્નઃ(સ્), સીતા તીર્થકમણ્ડલુમ્ .

અબિભ્રદં(ઙ્)ગદઃ(ખ્) ખડ્ગં(મ્) હૈમં(ગ્) ચર્મર્ક્ષરાણ્ નૃપ .. ૪૪..

ધનુર્નિષં(ઙ્)ગાં(ગ્) + છત્રુઘ્નઃ(સ્)

પરીક્ષિત! શત્રુઘ્નજીએ ધનુષ્ય અને તરકસ, સીતાજીએ તીર્થોનાં જળથી ભરેલું કમંડળ, અંગદે સોનાનું ખડ્ગ અને જાંબવંતજીએ ઢાલ લીધી. ॥ ૪૪ ॥

પુ*ષ્પકૈ*સ્થોડન્વિતઃ(સ્) સ્ત્રીભિઃ(સ્), સ્તૂયમાન*શ્ચ વ*ન્દિભિઃ .

વિરેજે ભગવાન્ રાજન્, ગ્રહૈશ્ચન્દ્ર ઇવોદિતઃ .. ૪૫..

પુષ્પકસ્ + થોડન્વિતઃ(સ્), સ્તૂય + માનશ્ચ, ગ્રહૈશ્ + ચન્દ્ર

આ લોકો સાથે ભગવાન પુષ્પક વિમાન પર આરૂઢ થઈ ગયા, ચારે બાજુ યથાસ્થાને સ્ત્રીઓ બેસી ગઇ, બંદીજનો સ્તુતિ કરતા હતા ત્યારે પુષ્પક વિમાન પર ભગવાન શ્રી રામચંદ્રજી, ગ્રહોની સાથે ચંદ્રમાની જેમ શોભી રહ્યા હતા. ॥ ૪૫ ॥

ભ્રાતૃભિર્ન*ન્દિતઃ(સ્) સોડપિ, સોત્સવાં(મ્) પ્રાવિશત્ પુરીમ્ .

પ્રવિ*શ્ય રાજભવનં(ઙ્), ગુરુપ*ત્નીઃ(સ્) સ્વમાતરમ્ .. ૪૬..

ભ્રાતૃભિર્ + નન્દિતઃ(સ્)

ગુરૂન્ વય*સ્યાવરજાન્, પૂજિતઃ(ફ્) પ્ર*ત્યપૂજયત્ .

વૈદેહી લક્ષ્મણ*શ્ચૈવ, યથાવત્ સમુપેયતુઃ .. ૪૭..

આ પ્રમાણે ભગવાને ભાઈઓનું અભિનંદન સ્વીકારીને તેમની સાથે અયોધ્યાપુરીમાં પ્રવેશ કર્યો ત્યારે સંપૂર્ણ નગરી આનંદોત્સવથી પરિપૂર્ણ થઈ રહી હતી. રાજમહેલમાં પ્રવેશ કરીને તેમણે પોતાના માતા કૌશલ્યાજી, અન્ય માતાઓ, ગુરુજનો, બરાબરીના મિત્રો અને નાના-મોટા બધાનું યથાયોગ્ય સન્માન કર્યું તથા તેમના દ્વારા કરાયેલા સન્માનનો સ્વીકાર કર્યો. શ્રીસીતાજી અને લક્ષ્મણજીએ પણ ભગવાનની સાથે-સાથે બધા પ્રતિ યથાયોગ્ય વ્યવહાર કર્યો. ॥ ૪૬-૪૭ ॥

પુ*ત્રાન્ સ્વમાત*રસ્તાસ્તુ*, પ્રાણાં(મ્)સ્ત*ન્વ ઇવોત્થિતાઃ .

આરોપ્યાઙ્કેડભિષિં(ગ્)ચન્ત્યો, બાષ્પૌઘૈર્વિજહુઃ(શ્) શુચઃ .. ૪૮..

સ્વમાતરસ્ + તાસ્તુ, આરોપ્યાઙ્ + કેડભિષિં(ગ્) + ચન્ત્યો, બાષ્પૌઘૈર્ + વિજહુઃ(શ્)

તે સમયે જેમ મૃત શરીરમાં પ્રાણોનો સંચાર થઈ જાય તે જ રીતે માતાઓ પોતાના પુત્રોના આગમનથી હર્ષિત થઈ ગયાં. તેમણે પુત્રોને પોતાના ખોળામાં બેસાડ્યા અને નેત્રોનાં અશ્રુઓથી તેમનો અભિષેક કર્યો ત્યારે તેમનો બધો શોક નિવૃત્ત થઈ ગયો. ॥ ૪૮ ॥

જટા નિર્મુ*ચ્ય વિધિવત્, કુલવૃ*દ્ધૈઃ(સ્) સમં(ઙ્) ગુરુઃ .

અ*ભ્યષિં(ગ્)ચદ્ યથૈવેન્દ્રં(ગ્), ચતુઃ(સ્)સિ*ન્ધુજલાદિભિઃ .. ૪૯..

ચતુઃ(સ્)સિન્ + ધુજલાદિભિઃ

ત્યાર પછી વશિષ્ઠજીએ બીજા ગુરુજનો સાથે વિધિપૂર્વક ભગવાનની જટા ઉતરાવી અને બૃહસ્પતિ એ જેવો ઈન્દ્રનો અભિષેક કર્યો હતો, તે જ પ્રમાણે ચારે સમુદ્રના જળ વગેરેથી ભગવાન શ્રીરામચંદ્રજીનો અભિષેક કર્યો. ॥ ૪૯ ॥

એવં(ઙ્) કૃતશિરઃ(સ્)સ્નાનઃ(સ્), સુવાસાઃ(સ્) સ્રગ્વ્યલં(ઙ્)કૃતઃ .

સ્વલં(ઙ્)કૃતૈઃ(સ્) સુવાસોભિર્- ભ્રાતૃભિર્ભાર્યયા બભૌ .. ૫૦..

સ્રગ્ + વ્યલં(ઙ્)કૃતઃ, ભ્રાતૃભિર્ + ભાર્યયા

રાજ્યાભિષેક વખતે તીર્થોનાં જળથી મસ્તક-સ્નાન કરીને, સુંદર વસ્ત્રો, પુષ્પમાળાઓ અને અલંકારો ધારણ કર્યાં. બધા ભાઈઓ અને જાનકીજીએ પણ સુંદર-સુંદર વસ્ત્ર અને અલંકારો ધારણ કર્યાં. તેમની સાથે ભગવાન શ્રીરામચંદ્રજી અત્યંત શોભવા લાગ્યા. ॥ ૫૦ ॥

અગ્રહીદાસનં(મ્) ભ્રાત્રા, પ્રણિપત્ય પ્રસાદિતઃ .

પ્રજાઃ(સ્) સ્વધર્મનિરતા, વર્ણાશ્રમગુણાન્વિતાઃ .

જુગોપ પિતૃવદ્ રામો, મેનિરે પિતરં(ઞ્) ચ તમ્ .. ૫૧..

અગ્રહી + દાસનં(મ્)

ભરતજીએ તેમના ચરણોમાં પડીને તેમને પ્રસન્‌ન કર્યા અને તેમના આગ્રહ કરવાથી ભગવાન શ્રી રામે રાજ્યસિંહાસનનો સ્વીકાર કર્યો. ત્યાર પછી તેઓ પોત-પોતાના ધર્મમાં તત્પર તથા વર્ણાશ્રમના આચારને પાળનારી પ્રજાનું પિતા સમાન પાલન કરવા લાગ્યા. તેમની પ્રજા પણ તેમને પોતાના પિતા જ માનતી હતી. ॥ ૫૧ ॥

ત્રેતાયાં(વ્ઁ) વર્તમાનાયાં(ઙ્), કાલઃ(ખ્) કૃતસમોઽભવત્ .

રામે રાજનિ ધર્મજ્ઞે, સર્વભૂતસુખાવહે .. ૫૨..

પરીક્ષિત! જ્યારે સમસ્ત પ્રાણીઓને સુખ આપવાવાળા પરમ ધર્મજ્ઞ ભગવાન શ્રીરામ રાજા થયા ત્યારે હતો તો ત્રેતાયુગ, પરંતુ સત્યયુગ જેવું લાગતું હતું. ॥ ૫૨ ॥

વનાનિ નદ્યો ગિરયો, વર્ષાણિ દ્વીપસિન્ધવઃ .

સર્વે કામદુઘા આસન્, પ્રજાનાં(મ્) ભરતર્ષભ .. ૫૩..

પરીક્ષિત! તે સમયે વનો, નદીઓ, પર્વતો, ભૂ-ખંડો, દ્વિપો અને સમુદ્ર બધાં જ પ્રજા માટે કામધેનુ જેવાં સમસ્ત કામનાઓને પૂરી કરનારા બની રહ્યા હતાં. ॥ ૫૩ ॥

નાધિવ્યાધિજરાગ્લાનિ- દુઃખશોકભયક્લમાઃ .

મૃત્યુશ્ચાનિચ્છતાં(ન્) નાસીદ્, રામે રાજન્યધોક્ષજે .. ૫૪..

નાધિવ્ + યાધિજરા + ગ્લાનિ, મૃત્યુશ્ + ચાનિચ્છતાં(ન્)

ઇન્દ્રિયાતીત ભગવાન શ્રીરામચંદ્રજીના શાસન સમયે કોઈ માનસિક ચિંતા અથવા શારીરિક રોગો થતા ન હતા. વૃદ્ધાવસ્થા, દુર્બળતા, દુઃખ-શોક, ભય અને થાક નામમાત્રનાં પણ ન હતાં. ત્યાં સુધી કે જે મરવા ઈચ્છતા ન હતા તેમનું મૃત્યુ પણ થતું ન હતું. ॥ ૫૪ ॥

એકપત્નીવ્રતધરો, રાજર્ષિચરિતઃ(શ્) શુચિઃ .

સ્વધર્મં(ઙ્) ગૃહમેધીયં(મ્), શિક્ષયન્ સ્વયમાચરત્ .. ૫૫..

એકપત્ની + વ્રતધરો

ભગવાન શ્રીરામ એકપત્નીવ્રત ધારી હતા, તેમનું ચરિત્ર અત્યંત પવિત્ર અને રાજર્ષિઓ જેવું હતું. તેઓ ગૃહસ્થોચિત સ્વધર્મનું શિક્ષણ આપવા માટે સ્વયં તે ધર્મનું આચરણ કરતા હતા. ॥ ૫૫ ॥

**પ્રેમ્ણાનુવૃત્ત્યા શીલેન, પ્રશ્રયાવનતા સતી .**

**ધિયા હ્રિયા ચ ભાવજ્ઞા, ભર્તુઃ(સ્) સીતાહરન્મનઃ .. ૫૬..**

પ્રેમ્ણા + નુવૃત્ત્યા

સતીશિરોમણી સીતાજી પોતાના પતિના હૃદયના ભાવને જાણતા હતા. તેમણે પ્રેમથી, સેવાથી, શીલથી અત્યંત વિનયથી તથા પોતાની બુદ્ધિ અને લજ્જા વગેરે ગુણોથી પોતાના પતિ ભગવાન શ્રીરામચંદ્રજીનું મન જીતી લીધું હતું. ॥ ૫૬ ॥

**ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહં(મ્)સ્યાં(મ્) સં(મ્)હિતાયાં(ન્)**

**નવમસ્કન્ધે રામચરિતે દશમોऽધ્યાયઃ .. ૧૦..**

**ૐ પૂર્ણમદઃ(ફ્) પૂર્ણમિદં(મ્) પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે**

**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે.**

**ૐ શાન્તિઃ(શ્) શાન્તિઃ(શ્) શાન્તિઃ.**

